# રાજસ્થાન સરહદ પાસેના ગુંદરી નજીક ૪૯ લાખની દિલધડક લૂંટ

ડીસા, તા. ૫

રાજસ્થાન સરહદ અડીને આવેલા ગુંદરી નજીક ૪૯ લાખ ની એક સનસનીખેજ લુંટ ની ધટના -કાશ માં આવેલ છે જેમાં પેટ્રોલ પંપ નાં બે કર્મચારી મોટર સાયકલ પર સવાર થઈ બેંક માં રકમ ભરવા રકમ ભરવા આવવા રવાના થયા હતા જોકે રાજસ્થાન બોર્ડર પાસ કરી ગુંદરી નજીક આવતા ધાટ લાગવી બેઠેલા અને કાર માં સવાર થઈ આવેલા અજાણ્યા લુટારાઓ ત્રાટક્યા હતા અને મોટર સાયકલ ને પાછળ થી ટક્કર મારી હતી, જેથી પેટ્રોલ પંપ તપાસ માં જોતરાઈ હતી, અને રાજસ્થાન બોર્ડરો સીલ કરી તપાસ હાથ ધરાયેલ છે,આ કામના અન્ય ધાયલપેટ્રોલ પંપ -સુપર વાઈઝર રાજેન્દ્ર સિહ વ્યક્તિ એ લુટારા ઓં રિવોલ્વર બતાવી હોવાનું જણાવતા આ લુટારુ ગેંગ સશત્ર ધાડ-પાડું ગેંગ



(તસવીર : કાંતિલાલ લોધા, ડીસા)

આવતા હતા જોકે તે દરમ્યાન ગુંદરી નજીક ધાટ લગાવી બેઠેલા અને કાર માં સવાર થઈ આવેલા અજાણ્યા લુટારાઓ એ પાછળ થી મોટર સાયકલ ને ટક્કર મારી ૪૯ લાખ ભરેલી બેગ લુટી ભાગી ગયા હતા.આ મામલે પાંથાવાડા પોલીસે અજાણ્યા લુટારા વિરુદ્ધ લુંટ નો ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે

બનાસકાંઠા ના રાજસ્થાન સરહદ નાં ગુંદરી પાસે ૪૯ લાખ ની દિલધડક લુંટ થતા પોલીસ દોડતી થયેલ છે,આ લુંટ ની ધટના ની હાલ માં -કાશ માં આવેલી વિગતો એવી છે કે ,રાજસ્થાન નાં મંદર નજીક નાં મંદાર ફ્યુલીગ સેન્ટર નામના એચ, પી, કંપની નાં પેટ્રોલ પંપ માં કામ કરતા મેનેજર અને સુપરવાઈઝર રોજીંદી કેશ ની રકમ નિત્ય કર્મ મુજબ પાંથાવાડા સ્ટેટ બેંક શાખા માં જમા કરાવતા હતા, જેમાં આજ રોજ આ બન્ને કર્મચારી એવા મેનેજર -વિનસીહ અને સુપરવાઈઝર રાજેન્દ્ર સિહ મોટર સાયકલ પર સવાર થઈ પાંથાવાડા સ્ટેટ બેંક માં ૪૯ લાખ ની કર્મચારી એવા બન્ને નીચે પટકાયા હતા જે બાદ કાર માં થી ઉતારેલા એક લુટારા એ કેશ ભરેલી બેગ ઝુંટવી હતી,આ બેગ માં ૪૯ લાખ રૂપિયા હતા.જોકે આ લુટારા ને રોકવા જતા કાર માં આગળ બેઠેલા અન્ય લુટારા એ પોતાના હાથ માં થી રિવોલ્વર બહાર કાઢી ભય બતાવ્યો હતો, અને તે બાદ લુંટ કરી ભાગી છૂટ્યા હતા,જે બાદ મોટર સાયકલ થી પટકાયેલા ધાયલ એવા બન્ને કર્મચારી ને ડીસા ની ખાનગી હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડાયા હતા અને આ મામલે પોલીસે જીલ્લા ભર માં નાકાબંધી કરાવી ધનિષ્ઠ તપાસ હાથ ધરી છે

આ લુંટ નાં સમાચાર મળતા પાંથાવાડા પોલીસ સબ ઈન્સ્પેકટર વદુગર તેમજ ડી,વાય,એસ, પી,પટેલ અને પોલીસ સ્ટાફ ધટના સ્થળે પહોચ્યો હતો, અને શકમંદ લુટારાઓ જે કાર માં ભાગી છુટ્યા હતા તેના વર્ણન ને વાયરલેશ મેસેજે વહેતું કરી નાકાબંધી કરાવી તપાસ હાથ ધરી હતી, જયારે બીજી તરફ ફરિયાદી રાજસ્થાન નાં હોઈ રાજસ્થાન મંદાર પોલીસ પણ હોવાનું બહાર આવેલ છે

ફરિયાદી અને પીડિત એવા બન્ને પેટ્રોલ પંપ કર્મચારી હાલ ડીસા ની ખાનગી હોસ્પિટલ માં સારવાર હેઠળ છે આ સનસનીખેજ લુટ ની ધટના માં પીડિતો નાં નિવેદન ને ધ્યાને લયીએ તો એવું બહાર આવેલ છે કે પાંથાવાડા સ્ટેટ બેંક ના જ એક કર્મચારી એ તેમને વારવાર બેંક માં ક્યારે રકમ જમા કરાવવા આવો છે તે માટેનો ફોન કરેલ છે ? અને કેટલી કેશ છે ? તેવું પણ જણાવેલ છે. આ લુંટ માં બેંક કર્મચારી, ખુદ પેટ્રોલ પંપ કર્મચારી કે કોઈ અન્ય સંડોવાયેલ છે કેમ ? તેની પોલીસે ધનિષ્ઠ તપાસ હાથ ધરેલ છે.


(તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

વડાલી તાલુકાના વાસણ ખાતે આજે યોજાયેલા કૃષિ મહોત્સવ કાર્યક્રમમાં ઉદ્દબોધન કરતાં રાજયના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી રમણલાલ વોરાએ જણાવ્યું હતુ કે, સરકારે છેલ્લા ૧૦ વર્ષોથી કૃષિયજ્ઞ આરંભી ગામડાઓને સિંચાઈ, પાણી અને કૃષિક્ષેત્રના નવતર અભિગમના કાર્યક્રમોથી ગામડાઓને વિકાસ ક્ષેત્રે અગ્રેસર બનાવવાના સંનિષ્ઠ -યાસો કર્યા છે. ખેડૂતોને -ેત્સાહન મળે અને તેના દ્વારા -ત્યેક ખેડૂત સમૃધ્ધ બને તે માટેના અથાક -યાસો કર્યા છે. જેના પરિણામે આજે ગામડાઓમાં ચેકડેમ, ખેત તલાવડીઓ, સીમ તલાવડીઓ વગેરેનું મોટા -માણમાં નિર્માણ થયું છે, અને આજે પાણીના તળ નોંધપાત્ર ઉંચા આવ્યા છે. કૃષિક્ષેત્રના નેટહાઉસ, ગ્રીન હાઉસ અને બાગાયત ખેતીમાં કરેલા આમૂલ પરીર્વતનના કારણે આજે સમગ્ર દેશ માટે ગુજરાત રોલ મોડેલ બન્યું છે.

## ડીસામાં બસ સ્ટેન્ડથી બગીચા રોડ પર વૃક્ષ ઉગાડવાનું નાટક

ડીસા શહેરમાં જલારામ મંદિરથી બગીચા તરફ જતા રોડમાં નગરપાલિકાએ વૃક્ષો ઉગાડ્યા હતા જોકે વૃક્ષો ઉગાડ્યા બાદ ફૂટપાથ બનાવવા માટે તેને તોડી પડાયા હતા ત્યારે ફરી સામેની સાઈડમાં પાલિકાએ વૃક્ષો ઉગાડવાનું તૂત ઉભુ કર્યુ છે.

શહેરમાં અનેક જગ્યાએ લાખો રૂપિયાના ખર્ચે ભૂતકાળમાં વૃક્ષો ઉગાડવામાં આવેલ છે. પરંતુ અધિકારીઓની લાપરવાહીને કારણે ક્ષતિ થયેલા વૃક્ષોનો નાશ થયેલો છે. ત્યારે બસસ્ટેન્ડથી બગીચા તરફ જતા માર્ગમાં ફરી વૃક્ષો ઉગાડવાનું કામ ચાલુ કરાયું છે. નગરપાલિકાએ સામેની સાઈડમાં વૃક્ષોનું જાતે જ નિકંદન કાઢી નાખ્યુ હતુ ત્યારે આ સાઈડમાં વૃક્ષો ઉગાડવાનો અર્થ શો ? આ વૃક્ષો ઉછેરવાનો કોન્ટ્રાક્ટ પ્રાઈવેટ વ્યક્તિઓને આપવામાં આવ્યો હોવાનું જાણવા મળે છે.

# હિંમતનગરમાંથી કિન્નર ગુમ થવાનો મામલો : અપહરણ કરી લઈ જનાર કિન્નરના ઘરમાંથી પોલીસને પિસ્તોલ મળી

હિંમતનગર, તા. ૫

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગરમાંથી ૧૫ દિવસ પહેલા સલાલના એક કિન્નર ગુમ થયો હતો. જેમાં હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા અન્ય એક કિન્નરે અપહરણ કરી લઈ ગયાની ફરિયાદ હિંમતનગર એ-ડીવીઢન પોલીસ મથકે નોંધાઈ હતી. અને ત્યાર બાદ પોલીસે તપાસ હાથ ધરતા ગુમ થનાર અને ગુમ કરનાર બંનેની કોઈ ભાળ મળી ન હતી ત્યારે બુધવારે મોડી સાંજે પોલીસે મોતીપુરા સ્થિત ગુમ કરનારના ઘરમાં તપાસ હાથ ધરતા બાથરૂમ પાસે આવેલ એક ખાડામાંથી પિસ્તોલ બે કારતુસ સાથે મળી આવી હતી જે પોલીસે કબજે લઈ વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગેની વિગત એવી છે કે ગત ૨૨મી એપ્રિલના રોજ સવારે સલાલના કિન્નર આરતી દે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં રહેતા કિન્નર ચાંદની દે ના ઘરે આવેલ ત્યારબાદ આરતી દે સલાલ પરત ફર્યા ન હતા આ અંગે હિંમતનગર એ ડીવીઝન પોલીસ મથકે જાણવાજોગ નોંધાઈ હતી ત્યાર બાદ ચાંદનીના ઘરે પોલીસે ગયેલ પરંતુ ચાંદની દે ના ઘરના દરવાજાને તાળુ હતુ. ત્યાર બાદ શોધખોળ કરી પરતું કઈ ભાળ મળી ન હતી અને આ જાણવા જોગ આધારે આરતી દે ની હિંમતનગરના કિન્નર ચાંદની દે એ અપહરણ કરી લઈ ગયા અંગેની ફરિયાદ નોંધી પોલીસે મોબાઈલ આધારે તપાસ હાથ ધરી હતી પરંતુ તેમાં પણ પોલીસને કોઈ સફળતા મળી ન હતી. દરમિયાન પોલીસે બુધવારે મોડી સાંજે કિન્નર સમાજ સાથે હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં આવેલ ચાંદની દે ના ઘરે સર્ચ શરૂ કર્યુ હતું ત્યારે ઘરમાં બાથરૂમ પાસે ખાડામાં મુકેલ એક પિસ્તોલ અને બે જીવતા કારતુસ પણ મળી આવ્યા હતા. જો કે તપાસ દરમ્યાન એક કારતુસ અજાણતાં જ મીસફાયર પણ પોલીસને તપાસમાં પિસ્તોલ મળવા દરમ્યાન થયો હતો. પોલીસે પિસ્તોલ કબ્જે લઈને ચાંદની દેના વિરૂદ્ધમાં હાલ તો તપાસ હાથ ધરી છે કે તેમના ઘરમાં આ પિસ્તોલ આવી કેવી રીતે આ પિસ્તોલ ચાંદની દે જ રાખતા હતા કે તેમનો સાથીદાર રાખતો હતો કે કોણ ? એ તમામ બાબતોની તપાસ પોલીસે હાથ ધરી છે.

## સ્ટેટ મોનીટરીંગ સેલે ઓઈલ ચોરી કૌભાંડનો પર્દાફાશ કર્યો

સ્ટેટ મોનીટરીંગ સેલની ટીમે લાંઘણજ ગામ નજીક ખેરવા નારદીપુર રોડ પર હોટલની આડમાં ઓઈલ ચોરીનું ગેરકાયદેસર કૌભાંડ ચલાવતા હોટલ સંચાલક સહિત ૯ ઈસમોને બાતમીને આધારે ઝડપી પાડયા હતા, દોઢ કરોડથી વધુનો મુદ્દામાલ કબજે કર્યો હતો.

સ્ટેટ મોનિટરીંગ સેલના નાયબ પોલીસ અધિક્ષક ધર્મેન્દ્રસિંહ ચૌહાણે આપેલ સુચના અનુસંધાને પી.એ.આઈ ડી.એમ. ઢોલને એવી બાતમી મળી હતી કે મહેસાણા જિલ્લાના લાઘણજ ગામ નજીક ખેરવા નારદીપુર રોડ પર પટેલ રેસ્ટોરન્ટ એન્ડ પાર્લર નામની હોટલ આવેલ છે. જયાં હોટલ સંચાલક સંદીપ બાબુભાઈ પટેલ તથા તેના ભાગીદાર ગણેશસિંગ કાવત્રુ રચી હોટલ પાસે દીવેલા ઓઈલ ભરેલ ટેન્કરોના ડ્રાઈવરોનો મોબાઈલ ફોન ઉપર સંપર્ક કરી ટેન્કરોના વાલ્વ ઉપર લગાડેલ સીલનો તાર ટેકનીકલી રીતે ખોલી ટેન્કરમાંથી ખોટી રીતે ઓઈલચોરી કરતા હતા અને બાદમાં પોતાના વાહન નં. જીજે-૨ વીવી ૫૩૮૨માં સંગ્રહ કરે છે.

સ્ટેટ મોનિટરીગની ટીમે દરોડો પાડી ટેન્કરમાંથી ઓઈલ કાઢતા શખ્સો સંદીપ બાબુભાઈ પટેલ (રહે. લાંઘણજ) ડ્રાઈવર અશોક જમના પ્રસાદ શર્મા (રહે. વડોદરા), અન્ય ટેન્કરો નં. જીજે-૬ એકસ ૮૧૭૨, જીજે-૬ ઝેડ ૮૪૪૧, જીજે-૬-વાય-વાય ૮૧૨૮, જીજે-૬ ડબલ્યુ ૮૨૪૯, જીજે-૧૨-સી ૯૬૭૯ના શીલના તાર ખોલી ઓઈલ કાઢવાનો પ્રયત્ન કરતા ડ્રાઈવરો, ગૌરીશંકર સત્યનારાયણ પાલ, રામદયાલ યાદવ, પ્રમોદ ભાસ્કર પાટીલ, પન્નાલાલ રામકિશન પટેલ તેમજ ગણેશસિંગ કુપસિંગ ચૌહાણને ઘટના સ્થળેથી જ ઝડપી પાડયા હતા તેની પાસેથી પીક અપ ડાલામાં મુકેલ ૭૦૦ લીટર જેટલા કસ્ટર ઓઈલના બેરલનો જથ્થો કિંમત રૂપિયા ૫૦,૦૦૦, કસ્ટર ઓઈલ ભરેલા ૬ ટેન્કરો તથા પીકઅપ ડાલુ, મોબાઈલ અને રોકડ રકમ કુલ રૂ. ૧,૫૯,૭૬,૫૮૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# રાજપૂત સમાજે દિશા બદલવાની જરૂરીયાત છે : શંકરસિંહ વાઘેલા

## કાંકરેજ વિભાગ રાજપૂત ક્ષત્રિય સમાજ છાત્રાલય પાટણ ઉદ્ઘાટન અને દાતાઓનું સન્માન સમારોહ કાર્યક્રમ યોજાયો

પાટણ, તા. ૫

પાટણ ખાતે શ્રી કાંકરેજ વિભાગ રાજપૂત ક્ષત્રિય સમાજ કેળવણી મંડળ આયોજિત કાર્યક્રમ માં ગુજરાત રાજયના પૂર્વ મુખ્ય મંત્રીશ્રી તથા વિરોધ પક્ષના નેતાશ્રી શંકરસિંહજી સમાજને પરિવર્તન રૂપી દીપ -ગાટવવામાં મદદરૂપ બનશે. સમાજ પાસે શિક્ષણ હશે તો જ સમાજમાંથી બદીઓ દુર થશે તોજ સમાજ -ગતિના શિખરો ઉપર જઈ શકશે.

વધુમાં સમાજના આગેવાનો ચુડાસમાએ શૈક્ષણિક છાત્રાલયમાં દાનનો -વાહ આપનાર દાતાશ્રીઓને અભિનંદન પાઠવતાં શિક્ષણ ક્ષેત્રે આપેલ દાન શ્રેષ્ઠ શિક્ષણ દાનજ જીવનમાં યાદગાર બની રહેશે. સમાજના દિકરા દિકરીઓને વિશ્વ ભાવના જગાવી છે જેને બિરદાવવવા જેવી છે. સમાજની ભૂલો સુધારી સમાજને શિક્ષણની રાહ પર લઈ જઈ સંગઠીત બની વ્યસન, ઈર્ષાને મુકતી આપી સમાજ -ગતિ કરે આ છાત્રાલયનો સદઉપયોગ થાય અને


(તસવીર : ચેતન રામી, પાટણ)

વાઘેલાના અધ્યક્ષતા હેઠળ તેમજ રાજયના શિક્ષણ અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ચુડાસમાના વરદ્ હસ્તે રુ.૧.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત છાત્રાલયના મકાન ઉદ્દધાટન અને દાતા સન્માન સમારોહ યોજાયો હતો.

-ાસંગિક -વચનમાં પૂર્વ મુખ્યમંત્રીશ્રી શંકરસિંહજી વાઘેલાએ જણાવ્યું હતું કે, આજના ઝડપી વિકાસ યુગની સાથે કદમ મિલાવવા રાજપૂત સમાજે દિશા બદલવાની જરૂઆત છે. આજે બંદુક , ભાલા, તલવારોની જરૂરીઆત નથી પરંતુ સમાજને સાચી દિશામાં દોરવા સારૂ બાળકોને શિક્ષણની કલમની જરૂરીઆત છે.જે સમાજનું પીઠબળ છે.આગેવાનોએ બીજા સમાજની તુલના કરી રાજપૂત સમાજ કયાં અને કઈ જગ્યા પર છે તે જોવા તથા સમાજના વિકાસ માટે આર્થિક વિકાસની સાથે શૈક્ષણિક વિકાસ ખૂબજ જરૂરી છે તેમ જણાવતાં સમાજના વિકાસ માટે ટીકાઓથી દુર રહેવા, સમાજને -ગતિની કેડી ઉપર લાવવા શિક્ષણની ભૂખ જગાડવા તથા આર્થિક તકલીફ વાળા કુંટુબોને મેડીકલ,ડીગ્રી, પેરામેડીકલમાં એડમીશન માટે ફી ભરી તેમને મદદરૂપ થવા લોન સહાય આપવાની જાહેરાત પણ કરી હતી.

આ -સંગે રાજયના શિક્ષણ નાગરીક પુરવઠા મંત્રીશ્રી ભુપેન્દ્રસિંહજી ફલક ઉપર લાવવા માટે ઉચ્ચ ગુણવત્તા યુકત કોમ્પ્યુટર સહિતનું જ્ઞાન અપાવવા માટે શિક્ષણ ક્ષેત્રેને સમાજે -ાધાન્ય આપવું પડશે. હવે આપણો સમાજ શિક્ષણ ક્ષેત્રે વિકાસ માંગી રહયો છે. ત્યારે સૌએ ભાગીદાર બની તપસ્યા કરવી પડશે. ખેતી, પશુપાલન અને વેપાર મુખ્ય ધંધામાં પણ ઓછા ખર્ચે વધુ ઉત્પાદન મેળવી -ગતિ કરી શકાશે તે માટે શિક્ષણ ખૂબજ જરૂરી છે.તેમ જણાવ્યું હતુ

આ કાર્યક્રમમાં સિધ્ધપુર વિધાનસભા મતવિસ્તારના ધારાસભ્યશ્રી બળવંતસિહ રાજપૂતે જણાવ્યું હતું કે, સમાજના દાતાશ્રીઓએ શિક્ષણ ક્ષેત્રે કામ કરવાની બીજા સમાજની સાથે કદમ મીલાવવા અનુરોધ કર્યો હતો

આ -સંગે પૂર્વ અધ્યક્ષ શ્રી ગુમાનસિંહ વાઘેલા, કાંકરેજના પૂર્વ ધારાસભ્યશ્રી મગનસિંહજી વાઘેલા,શ્રીમાનસિંહજી વાઘેલા શ્રી ગજેન્દ્રસિંહજી ચૌહાણ એસટી નિગમના ડીરેકટરશ્રી કે.સી પટેલ શ્રી પી.એલ. દરબાર, યુનિર્વસીટીના ઉપકુલપતિશ્રી દીપુબા દેવડા, શ્રી ચમનસિંહજી દરબાર, શ્રી ગિરીરાજસિંહજી ઝાલા,શ્રી મફતસિંહજી વાઘેલા, શ્રી કરણસિંહજી વાઘેલા, શ્રી મફતસિંહજી સોલંકી અધિકારીશ્રીઓ ઉપસથિત રહયા હતા.

## પ્રાંતિજ પાલિકામાં મલાઈદાર સમિતિના પ્રમુખ બનવા કોર્પોરેટરોની હોડ લાગી

પ્રાંતિજ, તા. ૫

પ્રાંતિજ નગરપાલિકામાં તમામ સમિતિઓની અવધિ પુરી થતા આ સમિતિઓની જગ્યા ખાલી પડી છે. ત્યારે આ સમિતિમાં હોદ્દા મેળવવા કોર્પોરેટરો પોતાના ગુરૂઓ પાસે આટાફેરા કરવા લાગ્યા છે. મલાઈદાર સમિતિના ચેરમેન બનવા કોર્પોરેટરોની ભાગદોડ થઈ રહી છે.

સાબરકાંઠાના પ્રાંતિજ નગરપાલિકામાં ભાજપનું શાસન છે ત્યારે નગરપાલિકાની વિવિધ સમિતિઓના ચેરમેનોની મુદત પુરી થઈ છે. અને આ પદ અત્યારે ખાલી છે. અવધિ પુરી થતા પાર્ટી દ્વારા નવા ચેરમેનોની નિમણુંક કરવામાં આવશે.

પાલિકામાં મલાઈદાર સમિતિનો હોદ્દો સંભાળવા માટે હોડ લાગી છે. કોર્પોરેટરો દ્વારા પોતાના રાજકિય પિતાઓના આશીર્વાદથી હોદ્દો મળે તે માટેના ચક્કરો કાપવા લાગ્યા છે. પાલિકાના જૂથો સક્રિય થયા છે. સમિતિઓમાં જે નામ આગળ આવ્યા છે તેના માટે અંદરખાતે વિરોધનો વંટોળ ફેલાયો છે. ત્યારે પ્રાંતિજની જનતા એવુ ઈચ્છી રહી છે કે આવી સમિતિમાં હોંશિયાર અને ભ્રષ્ટાચાર મુક્ત વ્યક્તિને મુકવામાં આવે. નહિ તો પ્રાંતિજ વિકાસ તરફ નહિ પણ વિનાશ તરફ દોટ મુકશે.



(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

ભારત સરકારશ્રીના વન અને પર્યાવરણ મંત્રાલય દ્વારા અપાતા વર્ષ ૨૦૧૩-૧૪ ના પર્યાવરણ પુરસ્કાર એવોર્ડ માટે રાજય કક્ષાની પસંદગી સમિતિ દ્વારા બનાસકાંઠા જિલ્લાનું નોમિનેશન કરવામાં આવ્યું હતું. તા. ૫ જુનના રોજ અમદાવાદ ખાતે યોજાયેલ કાર્યક્રમમાં બનાસકાંઠા જિલ્લાને પર્યાવરણ મિત્રનો રાષ્ટ્રીય કક્ષાનો એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. પર્યાવરણ મિત્રનો રાષ્ટ્રીય એવોર્ડ બનાસકાંઠા કલેકટરશ્રી મહેન્દ્ર એસ.પટેલે સ્વીકાર્યો હતો. પર્યાવરણ જાગૃતિ માટે જે જિલ્લામાં નોંધપાત્ર કામગીરી થઈ હોય તેવા જિલ્લાઓને આ એવોર્ડ આપવામાં આવે છે. બનાસકાંઠા જિલ્લાની શાળાઓ અને જિલ્લાભરમાં પર્યાવરણ જાગૃતિ માટે ખુબ સારી કામગીરી થઈ હોવાથી જિલ્લાને એવોર્ડ આપવામાં આવ્યો છે. કલેકટરશ્રી મહેન્દ્ર પટેલે જિલ્લા વિકાસ અધિકારી તરીકે પણ બનાસકાંઠા જિલ્લામાં -ેરણાદાયી અભિગમ અપનાવીને નોંધપાત્ર સિધ્ધિઓ મેળવી છે.

(તસવીર : ચેતન રામી, પાટણ)



પાટણ જીલ્લામાં કૃષિ મહોત્સવ-૨૦૧૪ માં સમગ્ર વહીવટીતંત્ર ખેડૂતોના દ્વારે પહોચ્યુ છે ત્યારે આજ-રોજ પાટણ તાલુકાના ભલગામ મુકામે ચંદ્રુમાણા, કુણઘેર અને ભલગામને આવરી લેતા ખેડૂતો માટે કૃષિલક્ષી વૈજ્ઞાનિક માર્ગદર્શન માટે આત્મા યોજના અંતર્ગત કિસાન ગોષ્ઠીનો કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે જીલ્લા પંચાયત -મુખશ્રી મોહનભાઈ પટેલ ખાસ ઉપસથિત રહ્યા હતા. તેઓશ્રીએ પશુ આરોગ્ય મેળાની મુલાકાત લઈ પશુ સારવાર કેમ્પને ખુલ્લો મુક્યો હતો. આ તબક્કે ઉપસથિત ખેડૂતોને માર્ગદર્શન આપતા તેઓશ્રીએ જણાવ્યું હતુ કે, આપણા ગુજરાતનું ગૌરવ અને પનોતા પુત્ર માનનીય વડા-ધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ચીંધેલ કૃષિ વિકાસના રાહ ઉપર અવિરત ચાલવા દ્રઢ નિશ્ચયી એવા આપણા -થમ મહિલા મુખ્યમંત્રી આનંદીબેન પટેલ જયારે કૃષિ મહોત્સવ થકી વૈજ્ઞાનિક માર્ગદર્શન ખેડૂતોના ખેતર સુધી પહોચાડવા અથાગ મથામણ કરી રહ્યા છે ત્યારે આપણે કૃષિની નાનામાં નાની બાબતોને વૈજ્ઞાનિક રીતે અપનાવવી જોઈએ.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

AGL Radhe

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ગાંધીનગરવાસીઓના અતૂટ વિશ્વાસ અને સહકારથી આપની સેવામાં સરકાર માન્ય

મોર્ડન મોટર્સ

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., કામા મોટર્સની બાજુમાં, સેક્ટર-૨૮, ગાંધીનગર

ફોન : ૨૩૨૧૧૪૮૫ ● મો. : ૯૮૨૫૨૬૨૨૯૧

સુવિધાઓ

● વ્હીલ એલાઈનમેન્ટ ● બેલેન્સીંગ (કોમ્પ્યુટરાઈઝ્ડ)
● સરકાર માન્યતા પ્રાપ્ત ● અદ્યતન વર્કશોપ, બોડીકામ,
● વાહનોનું રીપેરીંગ કામઃ મોટો ઈલેક્ટ્રીક કામ
● જેન્યુન પાર્ટસ ● સર્વિસીંગ ● ઓઈલ ચેઈન્જ

EXIDE બેટરીના ઓથોરાઈઝ્ડ ડીલર | કેસ્ટ્રોલ ઓઈલના ઓથોરાઈઝ્ડ ડીલર

પેટ્રોલ વાહનનું પી.યુ.સી. સ્ટેશન